# જાહેર નિવિદા

## ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત

આદિજાતિ વિકાસ વિભાગ

બિરસા મુંડા ભવન, સેક્ટર ૧૦-એ

ગાંધીનગર.

વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA
મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ
Chief Minister's 10-Point Programme

## ફળાઉ ઝાડ રોપા વિતરણ યોજના વર્ષ ૨૦૨૨-૨૦૨૩

## લાભાર્થી પસંદગી માટેની જાહેરાત

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ફળાઉ ઝાડ રોપા વિતરણ યોજના હેઠળ પાત્રતા ધરાવતા આદિજાતિ ખેડુતોને **આંબાની ભેટ કલમ (૧૦ ગુંઠા જમીનમાં ૨૦ રોપા,૨૦ ગુંઠા જમીનમાં ૪૦ રોપા અને ૪૦ ગુંઠા જમીનમાં ૮૦ રોપા) તથા સેઢા પર વાવેતર કરવા માટે વાસ અને સાગના ૧૦ રોપા** લાભાર્થી દીઠ વિતરણ કરવામાં આવશે. જે આદિજાતિ ખેડૂતો આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ **www.dsagsahay.gujarat.gov.in** પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી કરવા માટે સંબધિત VCE, ઈ-ગ્રામ કેન્દ્ર, ગ્રામ પંચાયતના કોમન સર્વિસ સેન્ટર, સાયબર કાફે તથા ઈન્ટરનેટ કનેકશન અને સ્કેનર ધરવતા કોઈ પણ કોમ્પ્યુટર ઉપરથી કરી શકાશે.

| | |
|---|---|
| **ઓનલાઈન અરજી શરૂ થવાની તારીખ** | **૨૮/૦૪/૨૦૨૨** |
| **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ** | **૨૮/૦૫/૨૦૨૨** |

**ફળાઉ ઝાડના રોપા વિતરણ માટેના જીલ્લા**

(૧) નર્મદા (૨) ભરૂચ (૩) તાપી (૪) સુરત (૫) નવસારી (૬) વલસાડ (૭) ડાંગ

**લાભાર્થીની પાત્રતા**

૧. આદિજાતિ ખેડૂત.
૨. ૦ થી ૨૦ નો બી.પી.એલ સ્કોર ધરાવતા આદિજાતિ ખેડૂત.
૩. વન અધિકાર અધિનિયમ હેઠળ ફાળવેલ જમીન ધારક.
૪. આદિમ જૂથના ખેડૂત.

**અરજદાર માટેની સુચના**

૨. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ પછી અરજદાર અરજી કરી શકશે નહિ.
૩. ફળાઉ ઝાડ રોપા માંથી આંબાની ભેટ કલમ, વાસ અને સાગના રોપા મળવા પાત્ર થશે.
૪. યોજના હેઠળ માત્ર ઓનલાઈન અરજી સ્વીકારવામાં આવશે. કોઈ પણ કચેરીએથી અરજી ફોર્મ વિતરણ કરવામાં આવનાર નથી.
૫. અરજી માટેના આધાર પુરાવા (રાશનકાર્ડ, આધારકાર્ડ, ૭/૧૨ નમુનો બી.પી.એલનો દાખલો અને પાસપોર્ટ સાઈઝનો ફોટો)

**મુખ્ય કારોબારી અધિકારી**
**ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત**
**ગાંધીનગર**